### ખેડા જિલ્લામાં પોલીસના મેગા કોમ્બિંગ ઓપરેશનમાં બાંગ્લાદેશીઓ ઝડપાયા : ડિપોર્ટ કરવાની તજવીજ શરૂ

# ખેડા જિલ્લામાંથી ૯ બાંગ્લાદેશી મળી આવ્યા

**નડિયાદ, માતર,** મહેમદાવાદ અને કપડવંજ પંથકમાં ૬૦ શકમંદોની અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધરાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૩

ખેડા જિલ્લા પોલીસ અને એસઓજી દ્વારા ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકોને શોધી કાઢવા હાથ ધરાયેલા વ્યાપક સર્ચ ઓપરેશનમાં 9 બાંગ્લાદેશી નાગરિકો પકડાયા છે. આ તમામ ઘૂસણખોરો કોઈપણ પાસપોર્ટ કે વિઝા વિના રહેતા હોવાનું સામે આવતા પોલીસે ગુનો નોંધી તમામને પોતાના દેશ પરત મોકલવાની કવાયત હાથ ધરી છે.

ગુજરાતમાં ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશીઓને શોધી કાઢવાની ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત ખેડા જિલ્લા પોલીસ વડાની સૂચનાથી વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ અને સુરક્ષા એજન્સીઓની અલગ અલગ ટીમોએ મજૂરી કામ કરતા અને હંગામી ધોરણે રહેતા લોકોના રહેઠાણના સ્થળોએ જઈને ઓળખકાર્ડ તથા દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી કરી હતી. શંકાસ્પદ હિલચાલ જણાતા 60 જેટલા લોકોને રાઉન્ડઅપ કરીને સ્થાનિક પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેઓ ભારતીય નાગરિક હોવાના આધારભૂત પુરાવાઓ રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું. પોલીસના આ



મેગા સર્ચ ઓપરેશનના પ્રથમ તબક્કામાં ખાસ કરીને જિલ્લાના નડિયાદ, માતર, મહેમદાવાદ અને કપડવંજ પંથક પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સ્થાનિક બાતમીદારો અને હ્યુમન ઈન્ટેલિજન્સ નેટવર્કના આધારે પોલીસે દરોડાની કાર્યવાહી કરી હતી. સઘન તપાસ દરમિયાન 13 જેટલા લોકોની વર્તણૂક અને દસ્તાવેજો શંકાસ્પદ જણાતા તેમની વિશેષ પૂછપરછ શરૂ કરવામાં આવી છે. નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાંથી જ 4 બાંગ્લાદેશી નાગરિકો મળી આવ્યા હતા જ્યારે અન્ય 5 લોકો જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાંથી મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

ઝડપાયેલા આ તમામ 9 બાંગ્લાદેશીઓમાં 3 પુરુષ, 5 મહિલા અને 1 બાળકના સમાવેશ થાય છે જેઓ કોઈપણ જાતના કાયદેસરના વિઝા કે પાસપોર્ટ વિના ગેરકાયદેસર રીતે આશ્રય મેળવીને રહેતા હતા. પોલીસે આ મામલે સત્તાવાર રીતે ગુનો નોંધીને તેમની પૂછપરછ લંબાવી છે કે તેઓ કોના સંપર્કથી અહીં આવ્યા હતા અને તેમને કોણે રહેવા માટે આશરો પૂરો પાડ્યો હતો. હાલ સુરક્ષા એજન્સીઓ દ્વારા આ તમામ લોકોને જરૂરી વહીવટી અને કાનૂની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ કડક બંદોબસ્ત વચ્ચે સરહદ પાર કરીને બાંગ્લાદેશ પરત ધકેલી દેવાની દિશામાં કાર્યવાહી તબક્કાવાર રીતે આગળ વધારવામાં આવી રહી છે.

### ખેડા સ્વામિનારાયણ મંદિરે ભવ્ય 'ત્રિવેણી મહોત્સવ' ઉજવાયો



ખેડા સ્થિત મુક્તજીવન સ્વામીબાપા પ્રાગટ્ય ધામ ખાતે અધિક માસ પૂર્ણિમા, આમ્રોત્સવ અને પ્રેમમૂર્તિ આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની ૮૪મી પ્રાગટ્ય જયંતિ નિમિત્તે ભવ્ય 'ત્રિવેણી મહોત્સવ' ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી સંતો અને ભક્તો દ્વારા ભવ્ય પાલખી યાત્રા કાઢવામાં આવી હતી અને શાહી સ્વાગત બાદ પૂજન-અર્ચન સાથે આરતી કરવામાં આવી હતી. આ મહોત્સવના ભાગરૂપે આયોજિત સમૂહ મહાપૂજામાં એક હજારથી વધુ હરિભક્તો ભક્તિભાવપૂર્વક જોડાયાં હતાં. ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને ભગવાન સમક્ષ મનમોહક 'આમ્રોત્સવ' યોજાયો હતો, જેમાં મુખ્ય સિંહાસનને કલાત્મક રીતે કેરીઓથી સજાવવામાં આવ્યું હતું અને શ્રી નિલકંઠ વર્ણી મહારાજનો આમ્રરસ વડે અભિષેક કરવામાં આવ્યો હતો.

### નડિયાદ પશ્ચિમના નાગરિકોને હવે પૂર્વ બાજુના લાંબા નહીં થવું પડે

# નડિયાદના રેલ્વે સ્ટેશનની પશ્ચિમ બાજુએ ATVM સુવિધા કાર્યરત

**ટિકિટની** લાંબી લાઈનોમાંથી મુસાફરોને મળી મુક્તિ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

નડિયાદ રેલ્વે સ્ટેશન પર પશ્ચિમ દિશામાંથી આવતા હજારો મુસાફરોની સુવિધા માટે રેલ્વે પ્રશાસન દ્વારા ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા એક માસથી કાર્યરત આ સુવિધાને કારણે પશ્ચિમ વિસ્તારના રહીશોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.



નડિયાદ પશ્ચિમ વિસ્તારમાંથી આવતા મુસાફરોએ જનરલ કે પ્લેટફોર્મ ટિકિટ લેવા માટે પૂર્વ બાજુ આવેલા મુખ્ય ટિકિટ કાઉન્ટર સુધી જવું પડતું હતું અથવા ત્યાં લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડતું હતું. મુસાફરોની આ હાલાકીને ધ્યાને લઈ રજૂઆત કરવામાં આવી હતી. આ મામલે DRUCC મેમ્બર મિતલ વ્યાસના પ્રયત્નોને પગલે રેલ્વે વિભાગે પશ્ચિમ બાજુના ફૂટ ઓવર બ્રિજના દાદર અને લિફ્ટની નજીક આ આધુનિક મશીન સ્થાપિત કર્યું છે.

નડિયાદ રેલવે અધિકારીઓ અને સ્ટેશન માસ્તર પી.ડી. સીગના માર્ગદર્શન હેઠળ આ સુવિધા કાર્યરત થતા હવે મુસાફરો ઝડપથી ટિકિટ મેળવી શકશે. આ નવીન વ્યવસ્થાથી મુખ્ય ટિકિટ કાઉન્ટર પર થતી ભીડમાં પણ ઘટાડો થશે અને મુસાફરોનો મુસાફરી અનુભવ વધુ સુવિધાજનક બનશે.

# આંત્રોલીમાં જિલ્લા કક્ષાનો 'વન મહોત્સવ' યોજાશે

**ખેડા જિલ્લામાં** ૧૬,૩૨૫ રોપાઓનું વાવેતર અને ૩,૬૦૦ રોપાઓનું વિતરણ કરાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

ખેડા જિલ્લામાં આગામી ૫મી જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની ઉજવણીના ભાગરૂપે સામાજિક વનીકરણ વિભાગ, નડિયાદ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત માતર તાલુકાના આંત્રોલી સ્થિત કૈલાશધામ શંકરાચાર્ય નગર ખાતે 'પંચરત્ન ગ્રામ વાટિકા મોડેલ' હેઠળ જિલ્લા કક્ષાનો વન મહોત્સવ યોજાશે.

આ અંગે મદદનીશ વન સંરક્ષકના જણાવ્યા અનુસાર, આ વર્ષે 'એક પેડ મા કે નામ 3.0' અભિયાન હેઠળ જિલ્લામાં કુલ ૧૬,૩૨૫ રોપાઓનું વાવેતર કરવામાં આવશે અને ૩,૬૦૦ રોપાઓનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત, ૮મીથી ૧૪મી જૂન દરમિયાન જિલ્લાના ૧૧ તાલુકામાં વિવિધ પદાધિકારીઓ અને અગ્રણીઓ દ્વારા ૧,૪૩૯ રોપાઓનું વાવેતર પણ આયોજિત છે.

ખેડાના તાલુકા મથકોએ પણ વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાશે, જેમાં વસોના વૃદ્ધાશ્રમ, ખેડાનું ગુરુકુળ, મહેમદાવાદની સોનાવાલા હાઈસ્કૂલ, મહુધા નગરપાલિકા, કઠલાલની નવોદય વિદ્યાલય, ફાગવેલની શિખર વિદ્યાલય, કપડવંજની એમપી હાઈસ્કૂલ, ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલ અને વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન જેવા સ્થળોએ કુલ ૯૧૧ રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

### વીજળી ગુલ રહેતા અસહ્ય ગરમી અને ઉકળાટમાં લોકો મુશ્કેલીમાં મુકાયા

# સંતરામપુર નગરમાં વીજ કંપનીની પ્રિમોન્સૂન કામગીરીનું ધોવાણ થયું

**પ્રથમ વરસાદમાં** જ પાંચ કલાક સુધીના અંધારપટથી નગરજનોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૩

સંતરામપુર નગરમાં પવન સાથે પડેલા પ્રથમ વરસાદે જ મધ્ય ગુજરાત વીજ કંપનીની પ્રિમોન્સૂન કામગીરીના ધજાગરા ઉડાવી દીધા છે. તંત્ર દ્વારા કરવામાં આવેલા આયોજનના દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત હોવાનું સાબિત થતા સમગ્ર નગર કલાકો સુધી અંધારપટમાં ડૂબી ગયું હતું.

સંતરામપુરના રાજમહેલ વિસ્તારમાં વીજળી ચાલુ હોવા છતાં, શહેરના અન્ય વિસ્તારોમાં અચાનક વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. પાંચ કલાકથી વધુ સમય સુધી વીજળી ગુલ રહેતા અસહ્ય ગરમી અને ઉકળાટમાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને નાના બાળકો, વૃદ્ધો અને દર્દીઓની હાલત કફોડી બની હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં જવાબદાર સ્ટાફ દ્વારા કોઈ ત્વરિત કામગીરી કરવામાં આવી ન હતી.

માત્ર વરસાદી રાત જ નહીં, પરંતુ તેના બીજા દિવસે પણ શહેરના અમુક વિસ્તારોમાં ત્રણથી ચાર કલાક સુધી વીજ કાપ રહેતા લોકોનો રોષ ઉગ્ર બન્યો હતો. પરોઢિયે વીજળી પાછી આવી ત્યારે લોકોને આંશિક રાહત મળી હતી, પરંતુ તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલો ઊભા થયા છે.

આ અંગે સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે જો એપ્રિલ-મે મહિનામાં વૃક્ષોનું કટિંગ, લાઈનોનું નિરીક્ષણ અને ઢીલા કનેક્શનની મરામત જેવી કામગીરી યોગ્ય રીતે થઈ હોત, તો આ સ્થિતિ સર્જાત નહીં. લાખો રૂપિયાના ખર્ચે થતી પ્રિમોન્સૂન કામગીરીની વિશ્વસનીયતા સામે હવે ગંભીર પ્રશ્નો ઉઠી રહ્યા છે. હવે જરૂરી બન્યું છે કે ઉચ્ચ અધિકારીઓ આ મામલે તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરે જેથી ભવિષ્યમાં આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદમાં વેલફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી દ્વારા નવનિયુક્ત કલેક્ટર અને કમિશનરનું સન્માન કરાયું

**નડિયાદ |** નડિયાદની વેલફેર એન્ડ એજ્યુકેશન સોસાયટીના પ્રતિનિધિ મંડળે ખેડા જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર એન.વી. ઉપાધ્યાય અને મ્યુનિસિપલ કમિશનર કિરણભાઈ ઝવેરીની શુભેચ્છા મુલાકાત લઈ ભાવભીનું સ્વાગત કર્યું હતું.સમગ્ર મુસ્લિમ સમાજ વતી બંને અધિકારીઓને પુષ્પગુચ્છ અને શુભેચ્છા પત્ર અર્પણ કરી તેમના સફળ કાર્યકાળ માટે મનોકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સોસાયટીના પ્રમુખ મુઝમ્મીલખાન પઠાણ, સેક્રેટરી ઈકબાલ મેમણ અને અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



### આણંદમાં કર્મરાજ અને રેવા ફાઉન્ડેશન દ્વારા ૨૨૯ વિદ્યાર્થીને નિ:શુલ્ક ચોપડા વિતરણ કરાયું

**આણંદ |** નવા શૈક્ષણિક વર્ષ નિમિત્તે આણંદની માધ્યમિક શાળા નંબર-૧ ખાતે જરૂરિયાતમંદ ૨૨૯ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા અને શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ મિતેશભાઈ પટેલ, ડેપ્યુટી મેયર કમલેશસિંહ ડાભી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મયુરભાઈ સુથાર સહિત વિવિધ મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરાયા હતા. કર્મરાજ ફાઉન્ડેશન અને રેવા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સેવાયજ્ઞનો મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને મદદ કરવાનો હતો. સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને સભ્યોની ભારે જહેમત દ્વારા આ 'નિ:શુલ્ક ચોપડા વિતરણ અભિયાન ૨૦૨૬' સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com


### આણંદના મુસ્લિમ અગ્રણીઓ દ્વારા નવનિયુક્ત મેયર દીપિકાબેન પટેલનું સન્માન કરાયું



**આણંદ |** આણંદ-કરમસદ મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર દીપિકાબેન પટેલનું મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ભાજપ માઈનોરીટીના પૂર્વ પ્રમુખ સિકંદરભાઈ માસ્તર અને અન્ય આગેવાનોએ મેયરશ્રીને મળીને તેમની નવી જવાબદારી માટે અભિનંદન પાઠવ્યા હતા. આ સન્માનનો સ્વીકાર કરતા મેયરે તમામ વિસ્તારો અને તમામ વર્ગોને સાથે રાખીને શહેરનો અભૂતપૂર્વ વિકાસ કરવાની ખાતરી આપી હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ વરાયેલા પ્રથમ મહિલા મેયરના આ સન્માન કાર્યક્રમમાં હકારાત્મક વલણ અને સામાજિક એકતાના દર્શન થયા હતા.

### નડિયાદની મૈત્રી સંસ્થામાં દિવ્યાંગ બાળકો સાથે 'એક્સપિરિએન્શિયલ લર્નિંગ' કાર્યક્રમ સંપન્ન

**નડિયાદ |** માય ભારત નડિયાદ દ્વારા મૈત્રી સંસ્થામાં દિવ્યાંગ બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ સાથેનો એક્સપિરિએન્શિયલ લર્નિંગ પ્રોગ્રામ યોજાયો હતો. જિલ્લા યુવા અધિકારી અક્ષય શર્મા અને વોલેન્ટિયર્સે બાળકો સાથે મ્યુઝિકલ ચેર, ડાન્સ, યોગા અને ડ્રોઈંગ જેવી પ્રવૃત્તિઓ કરી યુવાનોને પ્રેરણા પૂરી પાડી હતી. યુવા અધિકારીએ સમાજના યુવાનોને દિવ્યાંગ બાળકો સાથે સમય વિતાવવા અને વાલીઓને બાળકોના વિકાસ માટે સંસ્થાનો સહકાર લેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમના અંતે સંસ્થાના ડાયરેક્ટર મેહુલભાઈ પરમારે માય ભારત ટીમનો આભાર માન્યો હતો.



### આણંદની અલ્પેશ એન. પટેલ ઇન્સ્ટિ.ના માઇક્રોબાયોલોજીના ૧૨ વિદ્યાર્થીએ ગૌરવ વધાર્યું

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત અલ્પેશ એન. પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી એમ.એસસી. માઇક્રોબાયોલોજીની સત્રાંત પરીક્ષામાં સંસ્થાના કુલ બાર વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ટોપ-૧૦ રેન્કર્સમાં સ્થાન મેળવ્યું છે. આ સફળતામાં કિંજલ વાળંદે યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. અન્ય ક્રમાંકોમાં અદુલ્યા બાબુએ ચોથો; ખુશી સિંહ, પાંચુભાઈ ભદારકા અને વૃંદાલી બોદરે સંયુક્ત રીતે છઠ્ઠો; અદિરા બાબુ, રીયા પટેલ અને યશ લાડે સાતમો; ઉર્વશી વીસાવે આઠમો; સાક્ષી સુથારે નવમો તથા વૈદેહી અગ્રાવત અને વિધિ સુથારે દસમો ક્રમાંક મેળવ્યો છે. આ જ્વલંત સિદ્ધિ બદલ ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી કે. ડી. પટેલ, ઇન્ચાર્જ આચાર્ય ડો. ચિરાગ વ્યાસ તથા માઇક્રોબાયોલોજી વિભાગના વડા ડો. નિરવ ભાવસરે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### સારસા સ્થિત સત કૈવલ કોલેજમાં ફાર્મસી શિક્ષણના ઉત્થાન માટે PCI ની મહત્વની બેઠક મળી

**આણંદ |** ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાતમાં ફાર્મસી શિક્ષણ અને વ્યવસાયના સર્વાંગી વિકાસ માટે 'ધ હિલોક' ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સારસા સ્થિત સત કૈવલ કોલેજ ઓફ ફાર્મસીના ડાયરેક્ટર ડો. મહેન્દ્રકુમાર દુબેએ સક્રિયપણે ભાગ લઈ સંસ્થાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે પીસીઆઈના પ્રમુખ ડો. મોન્ટુભાઈ પટેલ સાથે ફાર્મસી ક્ષેત્રે સંશોધન અને નવીનતાની નવી તકો ઊભી કરવા અંગે ફળદાયી ચર્ચા કરી હતી. ડો. દુબેના આ સફળ પ્રતિનિધિત્વ અને શૈક્ષણિક પ્રદાન બદલ સત કૈવલ કોલેજ પરિવાર અને સમગ્ર સંસ્થામાં હર્ષ અને ગૌરવની લાગણી વ્યાપી છે.



### કપડવંજના પ્રથમ મહિલા ગાયનોકોલોજીસ્ટ ડો. પુષ્પા કુંડલિયાના પુસ્તિકાનું વિમોચન કરાયું

**કપડવંજ |** કપડવંજની હરીકુંજ સોસાયટી ખાતે ડો. પુષ્પા કુંડલિયાના ૮૩મા જન્મદિવસે તેમના જીવનપ્રેરક સંસ્મરણો ધરાવતી પુસ્તિકા 'બસ, આ છે'નું મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઈથી જલજભાઈ દાણી, ઈરમાના ડો. હિતેશ ભટ્ટ અને સ્થાનિક અગ્રણીઓ સહિત ૨૦૦થી વધુ સ્નેહીજનોએ ઉપસ્થિત રહી જન્મોત્સવને આનંદોત્સવમાં ફેરવી દીધો હતો. વર્ષ ૧૯૭૨થી કપડવંજને કર્મભૂમિ બનાવી સ્વાસ્થ્ય અને શિક્ષણ ક્ષેત્રે અમૂલ્ય સેવા આપનાર કુંડલિયા દંપતીના જીવન કાર્યોની આ તકે ગૌરવભેર નોંધ લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડો. પુષ્પાબેનની ચિત્રકલા અને ભરતગુંથણનું પ્રદર્શન પણ યોજાયું હતું.



### કપડવંજના વણઝારીયા ગામે 'ખેત બચાવો અભિયાન' હેઠળ ખેડૂતો માટે તાલીમ શિબિર યોજાઈ



**કપડવંજ |** કપડવંજ તાલુકાના વણઝારીયા ગામે ખેત બચાવો અભિયાન અંતર્ગત આયોજિત તાલીમમાં ૫૪ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. માસ્ટર ટ્રેનર ભૂમિકા પટેલ અને નિષ્ણાતો દ્વારા દૂષિત થતી ધરતીને બચાવવા પ્રાકૃતિક ખેતી અપનાવવા અને સ્વાસ્થ્ય જાળવવા અંગે માર્ગદર્શન અપાયું હતું. આ શિબિરમાં ખેડૂતોને ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ, બાગાયતી યોજનાઓ અને ખેતીવાડી શાખાની વિવિધ સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન ખેડૂતોને મોડલ ફાર્મની પ્રત્યક્ષ મુલાકાત પણ કરાવવામાં આવી હતી, જેમાં ગ્રામ સેવક અને સ્થાનિક કૃષિ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### કપડવંજના શ્રી વલ્લભ સેવા કેન્દ્ર દ્વારા રાહત દરે નોટબુક વિતરણનો ૨૮મો પ્રકલ્પ યોજાયો



**કપડવંજ |** કપડવંજમાં સ્વ.ઠાકોરભાઈ ખમણવાળા સ્થાપિત શ્રી વલ્લભ સેવા કેન્દ્ર દ્વારા પંથકના વિદ્યાર્થીઓ માટે રાહત દરે નોટબુક-ચોપડા વિતરણનો ૨૮મો કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્ય રાજેશ ઝાલાના હસ્તે આ સેવાયજ્ઞનો પ્રારંભ કરાયો હતો, જેમાં દાતા પરિવારના ગોપાલભાઈ શાહ અને સંજયભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ રાજકીય-સામાજિક અગ્રણીઓ અને કાર્યકરોએ હાજર રહીને વિદ્યાર્થીલક્ષી આ પ્રવૃત્તિને બિરદાવી હતી. શહેરના અગ્રણી વિતરણ કેન્દ્રો અને સંચાલકોના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

### આણંદમાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અને 'પ્રગતિ પથ યાત્રા' યોજાશે

**આણંદ |** આણંદના ઇન્ચાર્જ કલેક્ટર દેવાહુતીની અધ્યક્ષતામાં વડાપ્રધાનના ૧૨ વર્ષના સફળ કાર્યકાળની ઉજવણીના ભાગરૂપે વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમોના આયોજન માટે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં આગામી ૦૫મીથી ૨૧મી જૂન દરમિયાન જિલ્લા અને તાલુકા કક્ષાએ વિકસિત ભારત સંકલ્પ સંમેલન, પ્રગતિ પથ યાત્રા અને જનકલ્યાણ શિબિરોનું સચોટ અમલીકરણ કરવામાં આવશે. આ કાર્યક્રમો અંતર્ગત નાગરિકો અને અગ્રણીઓને જિલ્લાના મોટા વિકાસલક્ષી પ્રોજેક્ટો, પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને પ્રવાસન સ્થળોની મુલાકાત કરાવી વિકાસ ગાથાથી માહિતગાર કરાશે.

### મહેમદાવાદના રોહીશા ગામે 'ખેતી બચાવો અભિયાન' હેઠળ ખેડૂત જાગૃતિ શિબિર યોજાઈ

**મહેમદાવાદ |** મહેમદાવાદના રોહીશા ખાતે રાસાયણિક ખાતરના સમતોલ ઉપયોગ અને ટકાઉ ખેતી પદ્ધતિઓ અંગે વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. 'આત્મા' પ્રોજેક્ટના અધિકારીઓ દ્વારા ખેડૂતોને જમીન પરીક્ષણ આધારિત ખાતર વ્યવસ્થાપન અને જૈવિક ખાતરના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ખેતીનો ખર્ચ ઘટાડી, જમીનની ફળદ્રુપતા જાળવવા અને પર્યાવરણમૈત્રી ખેતીને પ્રોત્સાહન આપવાનો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોએ નિષ્ણાતો સાથે પ્રશ્નોત્તરી કરી વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરી જમીનની તંદુરસ્તી જાળવવાના શપથ લીધા હતા.

